# વિશ્વ યોગ દિવસની ઉજજવળ ઉજવણી


સાર્વજનિક ઉદ્યાન, સેક્ટર-૨ બી


ભારતીય તટરક્ષક અને ભારતીય ખેલ પ્રાધિકરણ, સે. ૧૫


આર સી પટેલ સ્કૂલ, સે. ૨૩


રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, સરગાસણ


અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ, સે. ૨૩


ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સે. ૧૯


લીટલ એન્જલ સ્કૂલ, સે. ૮


ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા


વનશ્રી ટ્રસ્ટ, સિવિલ ડિફેન્સ અને સ. પ્રા. શાળા, સે. ૮

## ડાયરેક્ટ ❤ સે

હું સુખી છું
એનું કારણ એ છે
કે મારે
કોઈની પાસેથી
કશું જોઈતું નથી
- આઈન્સ્ટાઈન

## જન્મદિને વધામણી


રાજવીરસિંહ એસ મકવાણા
મો. ૯૬૩૮૬ ૮૨૭૧૯


કુંવર મ્રિગેન્દ્રસિંહ ભાટી
મો. ૯૭૨૪૧ ૫૩૯૧૮

### 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

# "સ્વસ્થ મન, સમૃદ્ધ જીવન" વિષયે શનિવારે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

સુખી અને સમૃદ્ધ જીવન જીવવાની ઈચ્છા કોને ન હોય? તે શું કરવાથી શક્ય બને? મનુષ્યનું મન એ સારા નરસા દરેક વિચારોનું એ.પી સેન્ટર છે. મનના વિચારો અનુસાર મનુષ્ય પોતાના કાર્યો કરે છે.

માત્ર એક જ વ્યક્તિ-હિટલરના વિકૃત માનસથી પ્રથમ વિશ્વયુદ્ધમાં પાંચ કરોડથી વધારે મનુષ્યો મૃત્યુ પામ્યા. દુર્યોધનમાં સળવતો લોભ અને રાવણના મનમાં રહેલી કામેચ્છાએ ભારતમાં બે મોટા યુદ્ધો નોતર્યા, જેમાં કરોડો લોકો મૃત્યુને શરણ થયા. ગુજરાતના ૨૦૦૧ના ભૂકંપમાં કે ૨૦૦૪માં આવેલ સુનામીમાં કે અન્ય કુદરતી આફતોમાં આટલો વિનાશ નથી થયો. સામે પક્ષે પૂ. પ્રમુખસ્વામી મહારાજ જેવા મહાન સંતના સ્વસ્થ મનમાં થયેલ ઉમદા વિચારોએ જગતના લાખો, કરોડોનાં જીવનને સમૃદ્ધ બનાવ્યા છે.

અસ્વસ્થ મનને કારણે જ મનુષ્ય દારૂ-માંસ-વ્યભિચાર-આતંકવાદ વગેરે અનિષ્ટ કાર્યો કરવા પ્રેરાય છે. તેથી મનને કેવી રીતે સ્વસ્થ બનાવી જીવનને સમૃદ્ધ બનાવવું તેના માટે આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાના પ્રવચન-૮૦મા 'સ્વસ્થ મન, સમૃદ્ધ જીવન' (Healthy Mind, Wealthy Life) વિષય પર શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, ભરૂચના કોઠારી, વેદાંતાચાર્ય, પૂ. અનિર્દેશદાસ સ્વામી, તાઃ- ૨૪-૦૬-૨૦૧૭ના શનિવારના રોજ સાંજે ૪ઃ૩૦ થી ૭ઃ૦૦ કલાકે અક્ષરધામ, હરિમંદિરના સભાગૃહ, સેક્ટર-૨૦ ખાતે વક્તવ્ય આપનાર છે.

આ પ્રવચનનો લાભ લેવા આર્ષ દ્વારા સુજ્ઞ નાગરિકોને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવાયું છે.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત

# પત્રકારત્વના કોર્સમાં પ્રવેશકાર્યનો આરંભ

## કોર્સનો સમયગાળો એક વર્ષનો : કોઈપણ વિષયના ગ્રેજ્યુએટ વિદ્યાર્થી પ્રવેશને પાત્ર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અકબારી યાદીમાં વિશ્વવિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં છ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજ્જ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજ્યના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી એન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કૅમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજજવળ ખ્યાતિને કારણે કૅમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# કોમર્સ કોલેજમાં પ્રવેશ માટે ૯૦૯૮ વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ જાહેર કરાયું

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોમર્સ સહિતના પાંચ કોર્સમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય સમયથી ચાલતી કાર્યવાહી અંતર્ગત મંગળવારે પ્રોવિઝનલ મેરિટલીસ્ટ જાહેર કરી દેવાયુ છે. આ મેરિટલીસ્ટમાં ૧૪૦૬ વિદ્યાર્થીઓને બાકાત રાખવામાં આવ્યા છે. જયારે કુલ ૩૯૦૯૮ વિદ્યાર્થીઓ માટેનું મેરિટલીસ્ટ જાહેર કરવામાં આવ્યુ છે. કોમર્સ, બીબીએ-બીસીએ સહિતના કોર્સમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય સમયથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રોવિઝનલ મેરિટલીસ્ટ જાહેર કરી દેવાયું છે.

# સંતવાણીની સુવાસ : સંત કવયિત્રીઓના ભજનોનો અદ્વિતીય કાર્યક્રમ

કલાગુર્જરી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણીની સુવાસ' કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહૉલમાં યોજવામાં આવ્યો હતો.

ગુજરાતની મધ્યકાલીન યુગના નારી સંતો દ્વારા સર્જીત ભજનોના કાર્યક્રમની શરુઆત, કાર્યક્રમનુ રસદર્શન કરાવનાર ડો. નિરંજન રાજ્યગુરુએ 'યા દેવી સર્વ ભુતેષૂ' દેવી વંદનાના શ્લોક્થી કરી. અને સર્વ પ્રથમ રજુઆત ગુજરાતના પ્રસિધ્ધ ભજનિક હેમંતભાઈ ચૌહાણે ગણેશ વંદના, ગુરુ વંદના પછી મીરાંબાઈના આ ભજનથી કરી... 'શું રે કરું, વખડા પીધેનાં રાણા ના રે મરું; ચિત્તડું ચોરાણું રાણા શું રે કરું ?'

આ સાથે જ હોલમાં બેઠેલાં ભાવકો આત્માથી અનુભુતિ કરવા લાગ્યા. એ પછી એમણે લિરલબાઈની રચના 'જાગો જાગો મારા જુના જુના જોગી રે' ગાઈ.

ભારતીબેન વ્યાસે પછીનું ભજન લીરલબાઈનું જ ગાયું.

'હા રે ગુરુજી સત્તની વેલડીએ, એવાં રુડાં દત્તફળ લાગ્યા રે ' ગાયું.

મીરાંબાઈએ ગુર્જર, મારવાડી અને ગુજરાતી એમ ત્રણ ભાષાઓમાં ભજનો, પદો રચ્યા છે. જેમાનું 'ક્યાં જોવા જાવરેવહાલા, હરિને ક્યાં જોવા જાવ' એ ભારતીબેને સરસ ગાયું અને ભક્તિનો માહોલ ઓર ઘેરો બનતો ચાલ્યો.

એ પછી ગુજરાતના લાખેણા ભજનિક નિરંજનભાઈ પંડ્યાએ, ગુજરાતના મધ્યકાલીન યુગની ૨૨ બાવીસ નારી સંતોમાંના એક દાસી ઝબુબાઈની રચના 'એવા સાચા રે સંતોને, માથે ભક્તિ કેરા મોડ' ગાઈને સાચા સંતો કેવા હોય અને કોનો સત્સંગ કરવો, એ બહુ જ સરળતાથી સમજાવી દીધું. એ પછી ગંગા સતી કે જેમણે તેમની આત્મ સમાધિ પહેલાં, તેની સખી અને શિષ્યા એવી પાનબાઈને ઉદેશીને, બાવન દિવસમાં બાવન ભજનોની રચના કરેલ, એમાનાં એકમાં સાધુના લક્ષણોનું સરસ વર્ણન કર્યું છે, તે ગાયું. 'શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ' અને ભાવકને ઢંઢોળ્યા કે એ આવા સાધુ સંતોના સત્સંગમાં રહે. આટકોટના રાજા લાખો જે લોયણ પાછળ વિષયાંધ બનેલ અને જેને કોઢ નીકળ્યો અને જેની સુશ્રુશા સતી લોયણે કરેલ, એમણે લાખાને ઉદેશીને ૮૪ ભજનો રચેલા છે. જેમાનું એક ભજન જે યોગ ધ્યાનની સમજણ આપે છે તે 'હે જી રે લાખા! ધ્યાનમાં બેસીને ધણીને આરાધો, પછી જ્યોતમાં જ્યોત મીલાવો રે...'

રાત્રે બાર વાગ્યા પછી પાટ પર જ્યોત પ્રગટાવી જે ભજન ગવાય એને 'આરાધ' કહેવાય છે. આ ભજન પછી ભારતીબેને પણ ગંગા સતીને યાદ કર્યા. આજકાલ કબીરા યાત્રામાં જે ભજન શબનમ વીરમાનીએ આખા ભારતમાં લગભગ દરેક યાત્રામાં ગાય છે, એ 'વીજળીને ચમકારે, મોતીડાં પરોવો પાનબાઈ' ગાયું.

દરેક કલાકારની એક આગવી હલક કે છટા હોય છે. ભારતીબેન જયારે "જી" ને વિલમ્બિત આલાપમાં ગાય, ત્યારે શબ્દ અને સુરતા બંને ભાવકના હૃદયમાં ઉતરી જાય છે. અને જીવનની ક્ષણભંગુરતા અનુભવી, પિંડને બ્રહ્માંડની અલગતા, ભેદ સમજાય છે. એ પછી નિરંજનભાઈ પંડ્યાએ પ્રેમ વિશે વિવિધ સંતો, કબીર ઈત્યાદિના દોહા ગાયા અને જણાવ્યું કે 'પ્રેમ હરિકા રૂપ હે, હરિ હે પ્રેમ સ્વરૂપ' અને મીરાંબાઈની રચના

'એરી મૈ તો પ્રેમ દિવાની, મેરા દર્દ ન જાને કોઈ'

અને મીરાંબાઈ ના દર્દને તડપન સૌએ અનુભવી.









એ પછી તુરત જ નિરંજનભાઈએ દેવીદાસ બાપુની શિષ્યા અમરમાનું ભજન 'મારા રુદિયામાં દિવસને રાત, જીવણ તમે ભલે જાગીયા. આ 'આધાર'માં એમણે સૌને સાથે લઈ

"હા.....હા...જી...'

ગવડાવ્યું. આરાધ એટલે નિરગુણ નિરાકારની સ્તુતિ, બ્રહ્મની ઉપાસના છે. જેની સૌથી પ્રાચીન રચના માર્કંડેય ઋષિએ રચેલ છે. અને એ એક સમુહ ગાન છે. ત્યારબાદ એમણે સતી તોરલનું 'બહુત ગઈ થોડી રહી, નારાયણ ચેત; ગુરુ બતાવે નિજ નામ, તોરલ સમજાવે શાનમાં.. ભજન ગાયું. મોટાભાગના નારી સંતોએ ગાયેલા ભજનો કોઈને કોઈ પુરુષને ઉદેશીને જ રચાયેલ છે. આ પછી ભારતીબેને પણ સતી તોરલનું લોકજીભે વસેલું 'પાપ તારું પરકાશ જાડેજા..' ઉપરવાળા પાસે જવું હોય તો પાપનું પ્રાયશિત થવું જોઈએ, એ એઈમની વિશિષ્ટ હલકમાં ગાયું. ત્યારબાદ અંતિમ દૌરમાં શ્રી હેમંતભાઈએ મીરાંનું 'મુખડાની માયા લાગી રે, ,મોહન પ્યારા' ગાઈ બધાને મોહી લીધા. એ પછીનું મીરાંનું જ

'બપૈયા પિયુ પિયુ મત બોલ' ના સુંદર તાલમાં બધા ઝુમવા લાગ્યા. તો ભારતીબેને અડધી રાત વીતી ગઈ હોવાથી, સમયને અનુરુપ 'માઝમ રાતની રે, મધરાતે સુરની મોરલી તે કોણે વગાડી' ના સુરમાં સર્વને ડુબાડી દીધા.

ત્રણ ત્રણ લાડીલાં ભજનિકો કે જેની રગેરગમાં ભજન વહેતાં હોય, એ ભેગા મળ્યાં હોય અઉને જ્યારે આસ્વાદ કરાવનાર ડૉ. નિરંજન રાજ્યગુરુ કે જેના પ્રત્યેક શ્વાસમાં નારી સંતોના ભજનની પરાવાણી શ્વસતી હોય, ત્યારે ગાંધીનગર માટે આ એક વિરલ અને અદ્વિતિય કાર્યક્રમ બની રહ્યો. દરેક કલાકારમાં ભાવકને ભીંજવવાની આગવી ખુબી છે. શ્રોતાઓને વર્ષો સુધી આ કાર્યક્રમ યાદ રહેશે.

જોકે ભાવકોને તો એમ જ લાગ્યું કે સમય મર્યાદાને કારણે, ત્રણ કલાકારોના ત્રિવેણી સંગમથી રચાયેલા સમુદ્રમાંથી તેઓ ફક્ત એક આચમની જ પી શક્યા.

આ પહેલાં કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમજ સેવા ટ્રસ્ટના હોદેદારોએ પ્રસંગને અનુરુપ ટુંકા વકતવ્યો આપેલ. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી મહેન્દ્ર ત્રિવેદીએ આ કાર્યક્રમની પરિકલ્પનાની શરુઆતથી લઈ, હેતુ પ્રયોજન અને ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષાશ્રી પંકજ ભટ્ટની મુલાકાત અને એમણે કેટલા ઉત્સાહથી આ કાર્યક્રમને વધાવી અને સ્પોન્સર કર્યો, એની રજુઆત કરી. તેમજ તે જ દિવસે કબીર જયંતિ હોઈ, સોનામાં સુગંધ ભળી એમ જણાવ્યું.

- અશોકકુમાર ત્રિવેદી

# મેડિકલ સહિતના કોર્સમાં એડમિશન ઓનલાઈન જ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં ગતવર્ષે મેડિકલ સહિતના કોર્સમાં ઓનલાઇન એડમિશન કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. એક રાઉન્ડ ઓનલાઇન એલોટમેન્ટનો પ્રયાસ કર્યા પછી અનેક પ્રકારની ભૂલો સર્જાતા ઓનલાઇન એડમિશનના બદલે માત્ર રજિસ્ટ્રેશન ઓનલાઇન કરાવીને પ્રવેશની ફાળવણી ઓફલાઇન કરવામાં આવી હતી. હવે બી.જે.મેડિકલ કોલેજમાંથી સમગ્ર પ્રવેશ પ્રક્રિયા ગાંધીનગર ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. જેમાં નવી પ્રવેશ સમિતિ દ્વારા સમગ્ર બી ગ્રુપની પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઇન કરવાનો નિર્ણય કર્યો છે. તા.૨૬મી સુધીમાં નીટનું પરિણામ જાહેર થયા બાદ ઓનલાઇન પ્રવેશની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવશે.

ડિગ્રી એન્જિનિયરિંગ સહિતના તમામ કોર્સમાં છેલ્લા કેટલાય સમયથી ઓનલાઇન એડમિશન કરવામાં આવે છે. મેડિકલ અને પેરા મેડિકલમાં ગતવર્ષ સુધી ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવતી હતી. ગતવર્ષે ઓનલાઇન કાર્યવાહી કરવા માટે સમિતિ દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ અગમ્ય કારણોસર સંપૂર્ણ ઓનલાઇન એડમિશન કરી શકાયા નહોતા. જેના કારણે રજિસ્ટ્રેશન ઓનલાઇન કરાવ્યા બાદ વિદ્યાર્થીઓને રૂબરૂમાં બી.જે.મેડિકલ કોલેજ ખાતે બોલાવીને પ્રવેશની ફાળવણી કરવામાં આવી હતી. ચાલુવર્ષે મેડિકલ-પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા બી.જે.મેડિકલથી ખસેડીને ગાંધીનગર ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. નવી પ્રવેશ સમિતિમાં બી.જે.મેડિકલ કોલેજના એકપણ સભ્યને સ્થાન આપવામાં આવ્યુ નથી. આ ઉપરાંત નવી પ્રવેશ સમિતિ દ્વારા મેડિકલ-પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઇન કરવાનું નક્કી કરાયુ છે. આ માટેની તમામ તૈયારીઓ પણ સમિતિ દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. સૂત્રો કહે છે મેડિકલ-પેરા મેડિકલની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટેની કામગીરી સરકારી એજન્સી એનઆઈસીને સોંપવામાં આવી છે. મેડિકલ-ડેન્ટલ માટે નીટ દ્વારા મેરિટલીસ્ટ તૈયાર કરીને પ્રવેશ સમિતિને આપવામાં આવશે. જયારે નીટ સિવાયના જે કોર્સમાં પ્રવેશ થવાના છે તેમાં ધો.૧૨ના આધારે મેરિટ તૈયાર કરવામાં આવશે. હાલ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના તમામ વિદ્યાર્થીઓની સીડી પ્રવેશ સમિતિને સોંપી દેવામાં આવી છે. જેના આધારે મેરિટલીસ્ટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે. સૂત્રો કહે છે આ વખતે તમામ કાર્યવાહી ઓનલાઇન કરવામાં આવશે જેના કારણે વિદ્યાર્થીઓએ ગાંધીનગર આવવાનું રહેશે નહી.